# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Tuesday** **National News**

**આકાશવાણી સમાચાર અમિતા વાંઝા વાંચે છે.**

*************************************************

- સંસદમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર જવાબ આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામે સાધ્યું નિશાન
- નવી દિલ્હીમાં આવતીકાલથી બે દિવસીય ગ્લૉબલ ઇન્ડિયા AI સમિટનો પ્રાંરભ
- ઉત્તર પ્રદેશના હાથરસમાં ધાર્મિક કાર્યક્રમ દરમિયાન નાસભાગ થતાં 27નાં મૃત્યું
- ભારે વરસાદને પગલે અરૂણાચલ પ્રદેશ અને આસામમાં પૂરની સ્થિતિ, અનેક ગામોમાં વીજળી અને પાણી પુરવઠો ખોરવાયો
- અને ટી20 વિશ્વકપ વિજેતા ભારતીય ટીમ આવતીકાલે સ્વદેશ પરત ફરશે

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM LOK SABHA

સંસદમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અભિભાષણ પર જવાબ આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો લોકોમાં ભ્રામક

માન્યતાઓ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભ્રામક વાતો ફેલાવવા છતાં તેમણે લોકસભા ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. શ્રી મોદીએ લોકસભા ચૂંટણીમાં પરિપક્વ વિચાર અને સમજદારી દાખવવા બદલ દેશના લોકોની સરાહના કરી. તેમણે કહ્યું કે લોકોએ સરકારની નીતિઓ, ઇરાદા તેમજ સમર્પણ પ્રત્યે વિશ્વાસ દર્શાવ્યો છે.

ચર્ચાના જવાબમાં શ્રી મોદીએ વિપક્ષના નેતાનું નામ લીધા વિના રાહુલ ગાંધી પર નિશાન સાધતા અગ્નિવીર, ટેકાના ભાવ મુદ્દે ગૃહને ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂક્યો. પ્રધાનમંત્રીએ કૉંગ્રેસ પર બંધારણ અને અનામત મુદ્દે ભ્રામક માહિતી ફેલાવવાનો તેમજ લોકસભા ચૂંટણીમાં લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂક્યો. તેમણે કહ્યું કે કૉંગ્રેસ પોતાના વિભાજનકારી રાજકારણથી અરાજકતા ફેલાવી રહી

પ્રધાનમંત્રીના ભાષણ દરમિયાન વિપક્ષી સાંસદ વિવિધ મુદ્દાઓ પર હોબાળો કરતા જોવા મળ્યા. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ વિપક્ષના વ્યવહાર અંગે નારાજગી વ્યક્ત કરતા તેમને ગૃહમાં વ્યવસ્થા અને શિસ્ત જાળવી રાખવા ટકોર કરી હતી.

## LOK SABHA RAHUL

ભારતીય જનતા પક્ષના સાંસદ બાંસુરી સ્વરાજે આજે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના નિવેદન અંગે નોંધ રજૂ કરતા રાહુલ ગાંધી સામે ખોટા નિવેદનો કરવાનો આરોપ મૂક્યો હતો.

તેમણે કહ્યું કે શ્રી ગાંધીની કેટલીક ટિપ્પણીઓ તથ્યાત્મક રીતે ખોટી અને ભ્રામક છે, અને આ અંગે જરૂરી કાર્યવાહી થવી જોઈએ.

દરમિયાન રાહુલ ગાંધીએ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખીને આગ્રહ કર્યો છે, કે તેમના ભાષણમાંથી હટાવાયેલા કેટલાક અંશોને ફરીથી રેકર્ડમાં સામેલ કરવામાં આવે.

## AI GLOBAL SUMMIT

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવ, આવતીકાલે નવી દિલ્હીમાં ગ્લોબલ ઇન્ડિયા AI સમિટનું ઉદ્ઘાટન કરશે. આ બે દિવસીય સંમેલનનો હેતુ AI ટેક્નોલોજીના નૈતિક અને સમાવેશી વિકાસ પ્રત્યે ભારતના સમર્પણને દર્શાવતા, સહકાર તેમજ માહિતીના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવાનો છે.

ભારત કૃત્રિમ બુદ્ધિમત્તા વૈશ્વિક સહયોગના અધ્યક્ષ તરીકે કામ કરશે. જે અંતર્ગત સુરક્ષિત, સંરક્ષિત અને વિશ્વાસપાત્ર AI માટે GPAI ની પ્રતિબદ્ધતાને આગળ ધપાવવા માટે સભ્ય દેશો તેમજ નિષ્ણાતો માટે યજમાની પણ કરશે.

આ સંમેલન કમ્પ્યૂટર ક્ષમતા, આધારભૂત મૉડલ, ડેટાસેટ, એપ્લિકેશન વિકાસ, ભવિષ્યના કૌશલ, સ્ટાર્ટઅપ રોકાણ અને સુરક્ષિત AI જેવા અનેક ક્ષેત્રોમાં AIના વિકાસ મુદ્દે ધ્યાન કેન્દ્રિત કરશે.

## HATHRAS

ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લાના એક ગામમાં ધાર્મિક કાર્યક્રમ દરમિયાન નાસભાગ થતા 27 લોકોના મૃત્યુ તેમજ અન્ય કેટલાકને ઈજા થવા પામી છે. પોલીસના જણાવ્યા અનુસાર પુલરાઈ ગામમાં ધાર્મિક સત્સંગ દરમિયાન ઘટના બની હતી. સત્સંગમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજર રહ્યાં હતા. એટાના મુખ્ય તબીબી અધિકારીના જણાવ્યા અનુસાર મૃતકોમાં 25 મહિલાઓ અને બે પુરુષ સામેલ છે. કેટલાક ઈજાગ્રસ્તોને નજીકની હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મૃતકોના પરિવાજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. સાથે જ ઘટનાના કારણોની તપાસ માટેનો આદેશ આપ્યો છે.

## GODHARA - NEET

નીટ પરીક્ષા ગેરરીતિ  સંદર્ભે પંચમહાલના ગોધરામાં સતત આઠમા દિવસે તપાસ યથાવત રહી છે. સીબીઆઈએ  ગોધરાની જય જલારામ શાળાના

સંચાલક દિક્ષિત પટેલ અને અન્ય 4 આરોપીઓને સાથે રાખીને પૂછપરછ કરી નિવેદન લીધા હતા. દરમિયાન ગુજરાત અને અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓને નોટીસ આપી બોલાવીને પૂછપરછ કરી હતી.

ઉલ્લેખનીય છે કે પાંચ આરોપીઓમાં ગોધરા નીટ પરીક્ષાના કેન્દ્ર ખાતે ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ તરીકે તુષાર ભટ્ટ ફરજ બજાવતા હતા. આ કેન્દ્રમાં નીટની પરીક્ષા દરમિયાન ચોરી કરાવવા વચેટિયાની ભૂમિકા ભજવનાર આરીફ નુર મોહમ્મદ વોરા અને આનંદ વિભેશ્વર પ્રસાદ, ગોધરાના નીટ પરીક્ષાના કેન્દ્ર ખાતે સીટી કો-ઓર્ડીનેટર તરીકે પુરુષોત્તમ શર્માની જવાબદારી હતી.

## INDIA MONSOON

દક્ષિણ પશ્ચિમ ચોમાસું દેશના તમામ ભાગોને આવરી ચૂક્યું છે. દેશના મોટાભાગના રાજ્યોમાં નિર્ધારિત સમય કરતાં વહેલું ચોમાસું પહોંચ્યું છે. હવામાન વિભાગ અનુસાર રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને બાકીના ભાગોમાં પણ ચોમાસું પહોંચી ચૂક્યું છે. જેને પગલે અનેક રાજ્યોમાં ભારે વરસાદ વરસ્યો છે.

ગુજરાત, બિહાર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, આસામ, નાગાલેન્ડ, મણિપુરા, મિઝોરમ, ત્રિપુરા અને મેઘાલયમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. આગામી ચારથી પાંચ દિવસોમાં પશ્ચિમ, પૂર્વીય અને પૂર્વોત્તર ભારતમાં ચોમાસું સ્ક્રીય થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

## ARUNACHAL RAIN

પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદને પગલે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. અરૂણાચલ પ્રદેશના ઇટાનગર અને પાપુમ પરે જિલ્લામાં સતત વરસાદને પગલે આગામી પાંચ દિવસ માટે શાળાઓમાં રજા જાહેર કરાઈ છે.

લોહિત જિલ્લામાં વરસાદને પગલે પાણી પૂરવઠાને અસર થવા પામી હતી. લોહિત નદીમાં પાણીની આવક થતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા.

સ્થાનિક વહીવટીતંત્રએ પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાંથી 52 લોકોને બચાવ્યા છે. નામસાઈ અને ચાંગલાંગ જિલ્લામાં પૂરમાં ફસાયેલા લોકો માટે આસામ રાઇફલ્સ દળોએ બચાવ અભિયાન શરૂ કર્યું છે. અત્યાર સુધીમાં જુદા જુદા વિસ્તારોમાંથી અંદાજે 500 જેટલા નાગરિકોને ઉગારવામાં આવ્યા છે.

સિઆંગ જિલ્લાના ઉપરવાસમાં ગત સપ્તાહે થયેલા થયેલા ભૂસ્ખલનને પગલે અહીં માર્ગ વાહનવ્યહાર ખોરવાયો છે, જે યથા સ્થિતિ થતા દસ દિવસથી વધુનો સમય લાગી શકે છે.

## REV ASSAM-FLOOD

આ તરફ આસામમાં પણ પૂરને કારણે સ્થિતિ વણસી છે, અહીં 19 જિલ્લાઓઓમાં 6 લાખ લોકોને અસર થવા પામી છે.

ગત 24 કલાકમાં તિનસુકિયા અને ધેમાજી જિલ્લામાં બે લોકોના મૃત્યુ થયા છે, જેને પગલે મૃત્યુઆંક 36 થયો છે. જ્યારે કે ગોલાઘાટ જિલ્લામાં એક વ્યક્તિ ગૂમ થયાના અહેવાલ છે. પૂરને પગલે આસામના એક હજાર, 275 ગામોને અસર થવા પામી છે.

## HIMACHAL RAIN

તો આ તરફ હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને પગલે ઠેર ઠેર ભૂસ્ખલનના અહેવાલો છે. મંડી જિલ્લામાં ભારે વરસાદને કારણે ઘણી જગ્યાએ ભૂસ્ખલનને કારણે રસ્તાઓબંધ થઈ ગયા છે. જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અનેક જગ્યાએ વીજ પુરવઠો ખોરવાઈ રહ્યો છે. હવામાન વિભાગે આગામી 24

કલાકમાં રાજ્યના મેદાની અને મધ્ય પર્વતીય વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે.

## TEAM INDIA

ટી20 વિશ્વકપ વિજેતા ભારતીય ટીમ આવતીકાલે બારબાડોસથી દેશ પરત ફરી રહી છે. બારબાડોસમાં ચક્રવાતની સ્થિતને કારણે હવાઈ સેવાઓ સહિતની સેવાઓ અવરોધાતા, ભારતીય ટીમના પરત ફરવામાં વિલંબ થયો છે. અગાઉ નિર્ધારિત સમય પ્રમાણે ભારતીય ટીમ ગઈકાલે સવારે અગિયાર વાગ્યે પરત ફરવાની હતી.

અમેરિકાના રાષ્ટ્રીય ચક્રવાત કેન્દ્રના અહેવાલ પ્રમાણે ગઈકાલે તીવ્રતાની રીતે ચોથી શ્રેણીમાં રહેલું બેરીલ વાવાઝોડું આજે જમૈકા તરફ આગળ વધતા વિન્ડવર્ડ ટાપુ ઉપર પહોંચતા અત્યંત જોખમી શ્રેણી પરિણામ્યું છે.

## BRAZIL-FLOOD

દક્ષિણ બ્રાઝિલમાં ભારે પૂરને પગલે એકસો અગ્ણાયએંસી લોકોનાં મૃત્યુ થયા છે, જ્યારે 33 લોકો ગૂમ થયાના અહેવાલ છે. સ્થાનિક એજન્સી અનુસાર દક્ષિણ બ્રાઝિલના રિયો ગ્રાન્દે દો સુલનો 90 ટકા વિસ્તાર પૂરને પગલે પ્રભાવિત છે. દક્ષિણ પ્રાંતમાં આવેલી નદી બેકાબૂ થતાં પૂરના પાણી રહેણાંક વિસ્તારોમાં ઘૂસી ગયા હતા, જ્યારે કેટલાક સ્થળોએ ભૂસ્ખલનના અહેવાલ છે. બે મહિનાથી પ્રભાવિત આ પ્રાંતમાં અંદાજે 20 લાખ ઘરોને અસર થવા પામી છે, જ્યારે કે સાડા ચાર લાખ લોકોને બચાવાયા છે.

## CJI COURT

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડે એક નિવેદનમાં ન્યાયપાલિકાના આધારભૂત સિદ્ધાંતો તરીકે ન્યાય અને સમાનતા પર ભાર મૂક્યો છે. દિલ્હીના કડકડ્ડમા અદાલત પરિસરમાં ત્રણ નવા ભવનોના નિર્માણના શિલાન્યાસ

પ્રંસગે તેઓ બોલી રહ્યા હતા. મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે અદાલત માત્ર ઇંટ-પથ્થરોથી નહીં, પરંતુ લોકોની આશા અને અપેક્ષાઓથી બનતી હોય છે.

વધુમાં તેમણે કહ્યું કે અદાલતો મનમરજીથી નિર્ણયો લેવા માટે નહીં પરંતુ જનતા માટે કાયદાના માધ્યમથી એક વ્યવસ્થા પૂરી પાડવા માટે બનાવવામાં આવી છે.